જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૧/૨૦૨૦ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૭/૨૦૨૦**

# મોટર સાયકલ ચોરી કરતા આરોપીની અટકાયત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

## અમદાવાદ શહેરમાં મો.સા. ની ચોરી કરતા આરોપીને ચોરીની મો.સા. સાથે ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી “ક” વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા માટે સર્વેલન્સ પો.સબ.ઇન્સ. પી.આર. ગામીત તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ હે.કોન્સ. અમીતકુમાર ગણેશભાઇ બ.નં-૪૫૯૬ તથા અનાર્મ લોકરક્ષક ગંગારામ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧ નાઓને મળેલ બાતમી આધારે આરોપી વિલીયમ રોસંગલીયાના એચ લાલરીનોમા હમાર ઉ.વ.૨૫ ધંધો-બેકાર રહે-મ.નં-૧૩૨, સનવીલા રો-હાઉસ, ધર્મેશભાઇ ત્રીવેદીના મકાનમાં, મેમનગર ગામ, અમદાવાદ શહેર મુળ વતન ગામ-મીશન વેંગથાન જી-આઇઝોલ રાજ્ય-મિઝોરમનાને ચોરીની પલ્સર મો.સા. નંબર GJ-01-UK 9698 નો છે જેનો એ.નં-03271 તથા ચે.નં-03૬3૭ નો છે જે મો.સા.ની હાલની કિ.રૂ-૬૦,૦૦૦/- ની ગણી શકાય જે સાથે પકડી પાડતા અને સદર બાબતે તપાસ કરતા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૦૦૦૯/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી ઇસમને ચોરીના મો.સા. સાથે પકડી પાડી સદર મો.સા. ચોરીના

ગુનામાં કબ્જે કરી આરોપીને તા-૧૨/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે તેમજ આગળની વધુ તપાસ પો.સ.ઇ. પી.આર. ગામીતનાઓ કરી રહ્યા છે.



# ચીલઝડપાના વોન્ટેડ આરોપીની અટકાયત

## નારોલ પોલીસ સ્ટેશન :

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના - ૧ ગુનો તથા નારોલ પોલીસ સ્ટેશનના – ૨ ચીલઝડપના ગુનાઓના વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન આધારે ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવા સારુ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. જે.એસ.ચૌધરી તથા મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ તથા પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ તથા પો.કો.જગમાલભાઈ વાલાભાઈ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના મસઈ નેભાભાઈ મેરામણભાઈ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ નાઓની સંયુકત બાતમી હકિકત આધારે નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૩/૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)હ્ઠ૩), ૧૧૪, ૪૧૧ મુજબ તથા નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૪/૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪, ૪૧૧ મુજબના ગુનાના વોન્ટેડ આરોપી વાહીદઅલી ઉર્ફે બટકા યાસીનઅલી જાતે શેખ ઉ.વ.૨૧ ધંધો.નોકરી રહે.મ.નં.૭૧ સરતાજ રો હાઉસ અલહમ્દ મસ્જીદની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેરનાનો મળી આવતાં સદરી આરોપીને નારોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૨૩/૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)હ્ઠ૩), ૧૧૪, ૪૧૧ મુજબના ગુનામાં આજરોજ તા.૧૨/૦૧/૨૦૨૦ ના કલાક ૧૫/૩૦ વાગે પકડી અટક કરી પુછપરછ કરતાં પોતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૩૬૮/૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)હ્ઠ૩), ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ હોવાની કબુલાત કરેલ હોય જેથી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના - ૧ ગુનો તથા નારોલ પોલીસ સ્ટેશનના – ૨ ચીલઝડપના મિલ્કત સબંધી ગુનાના વોન્ટેડ આરોપીને પકડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયત

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :

## સોલા -03 , સાબરમતી - 01 મળી કુલ 04 ગુનામાં નાસ્તા ફરતા આરોપીને પકડવામાં આવ્યો

➡ શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા તેમજ મિલ્કત સબંધી (ઘરફોડ ચોરીઓના) ગુનાઓમા સંડોવાયેલા વોન્ટેડ ઇસમોને પકડવા સારૂ કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ સર્વલન્સ સ્કોડના હે.કો વિરભદ્રસિંહ વનરાજસિંહ તથા પો.કો નરેશભાઇ ફતાભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે ઘરફોડ ચોરીના ગુનાઓમા સંડોવાયેલ વોન્ટેડ આરોપીને બાતમી આધારે પકડી અટક કરવામા આવેલ છે.

➡ આરોપી: લોકેશ ઉર્ફે થોવો શંકર કુમાવત ઉવ.૨૦ હાલ રહે.કે.કે.નગર, ઘાટલોડીયા, અમદાવાદ શહેર મુળ ગામ.પાટીયાકા ખેડા તા.રાયપુર જી.ભીલવાડા રાજસ્થાન.

➡ આરોપી લોકેશ ઉર્ફે થોવો શંકર કુમાવત નાનો નીચે મુજબના ગુનાઓમા સંડોવાયેલ હતો:

(૧) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૭૫/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ.

(૨) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૩૬૦/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(3) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૩૬૯/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૪) સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૧૪/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

➡ આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વલન્સ સ્કોડના હે.કો વિરભદ્રસિંહ વનરાજસિંહ બ.નં.૪૬૮૩ તથા પો.કો નરેશભાઇ ફતાભાઇ બ.નં.૪૫૩૭ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

# વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસોના આરોપીની અટકાયત

## સાબરમતી પોલીસ સ્ટેશન :

## ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને સાબરમતી પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ. બી.પી.ભેટારીયા તથા કાળીગામ ચોકી પો.સ.ઇ. એ.જે.દેસાઇ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ પો.સ.ઇ. બી.પી.ભેટારીયા તથા મ.સ.ઇ. હર્ષદભાઇ ચંદુભાઇ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે સાબરમતી ડી કેબીન બસ સ્ટેન્ડ પાસે એક સફેદ કલરની આઇસર ગાડીમાં તપાસ કરતાં (૧) ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરના બોક્ષ નંગ -૧૮૪ માંથી મળી આવેલ કુલ્લે બિયરના ટીન તથા દારૂની નાની મોટી બોટલો મળી નંગ-૫૦૭૬ જેની કિમત રૂપિયા ૭,૯૦,૮૦૦/- (૨) એક ટાટા આઇસર ગાડી જેનો નંબર જીજે-૦૧-સીવી-૪૩૧૮ જેની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- (૩) પ્લાસ્ટીકના કેરેટ નંગ-૧૩૦ જેની કિ.રૂ.૧૩,૦૦૦/- (૪) એક રસ્સી કિ.રૂ.૨૦૦/- (૫) એક તાડપત્રી કિ.રૂ.૨૦૦/- (૬) ગાડીને લગતા કાગળો જેની કિ.રૂ.૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧૩,૦૪,૨૦૦/-નો મુદામાલ કબ્જે લઇ નહી મળી આવેલ સદર ટાટા આઇસર ગાડીના ચાલક તથા વાહન માલીક નામે સુરેશકુમાર રમેશકુમાર મનાવત રહે.છારાનગર કાળીગામ, આઇ.સી.ડી.કન્ટેનર ડેપોની સામે નટના છાપરા કાળીગામ અમદાવાદ તથા આ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર તથા આપનાર નાઓ તમામ વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુના રજી નં.૧૧૧૯૧૦૩૯૨૦૦૦૪૫ ધી પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ગુનો દાખલ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તપાસ સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ. શ્રીમતી બી.પી.ભેટારીયા નાઓએ સંભાળેલ છે.

તા.૧૨/૦૧/૨૦૨૦

# <u>ચાઇનીઝ દોરીનું વેચાણકરતા આરોપીની અટકાયત</u>

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

## <u>પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનુ વેચાણ કરતા બે આરોપીઓને પકડી પાડતી</u>

<u>(૧)</u>

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટરર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન૦૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જે" ડીવીઝન નાઓએ અગામી ઉત્તરાયણ પર્વના આવનાર તહેવારને લઈને અમદાવાદ શહેર ખાતે મે૰પોલીસ કમિશ્નરશ્રી નાઓએ ચાઈનીઝ દોરી ,કાચની પાયેલ દોરી વડે પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવતો હોય અને પર્યાવરણને નુકસાન કરતા હોય અને પશુ પક્ષીના જાનમાલને હાની પહોંચાડતા હોય જેથી આવા ચાઈનીઝ દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ વિગેરેનુ ચોરી છુપીથી વેચાણ કરનાર ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોય જે અન્વયે ઉપરી કચેરી તરફથી આવા કેસો શોધી કાઢવા સુચના કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટરશ્રી નાઓની સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સશ્રી જે.એસ.ચૌધરી તથા સાથેના સ્ટાફના માણસો તા૧૨/૦૧/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન બાગેફૈશર મેદાન પાસે આવતાં પોલીસ સ્ટાફની સંયુકત બાતમી આધારે નારોલ કે.જી.એન.પાર્કની બાજુમાં ચીસ્તીયા પાર્ક સોસાયટીમાં રહેતા કાસીમભાઈ આલીમભાઈ શેખ તથા નાહીદબાનુ સાહીદખાન પઠાણ નાઓ પોતાના ઘરની આગળ રોડ ઉપર પાથરણુ કરી ચાઈનીઝ દોરીના રીલ (ટેલર) નંગ ૦૬ જેની ઉપર અંગ્રેજીમાં MONO SKY લખેલ છે જે એક રીલ (ટેલર) ની કિ.રૂ.૧૫૦/- લેખે મળી આવેલ નંગ-૬ રીલ (ટેલર) ની કિ.રૂ.૯૦૦/-. તથા મોબાઈલ ફોનની કિ.રૂ.૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૫૯૦૦/- નો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે સંતાડી રાખી કોઈપણ જાતના વેચવા અંગે લાયસન્સ કે પરવાના વગર ગેરકાયદેસર વેચાણ કરતા મળી આવતા સદરી આરોપીઓને તા૧૨/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૧૫ વાગે પકડી ધી ઈપીકો કલમ ૧૮૮,૧૧૪ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે

**<u>આરોપીઓના નામ સરનામા</u>:**

(૧) કાસીમભાઈ આલીમભાઈ જાતે શેખ ઉ.વ.૨૦ ધંધો.છુટક મજુરીકામ રહે.મ.નં.૧૨, ચીસ્તીયા પાર્ક સોસાયટી કે.જી.એન. પાર્કની બાજુમાં નારોલ કેનાલ પાસે નારોલ અમદાવાદ શહેર

(૨) નાહીદબાનુ વા/ઓફ સાહીદખાન જાતે પઠાણ ઉ.વ.૩૫ રહે. મ.નં.એ/૩૦, ચીસ્તીયા પાર્ક સોસાયટી કે.જી.એનપાર્કની બાજુમાં નારોલ કેનાલ પાસે નારોલ અમદાવાદ શહેર

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:</u>

સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ.જે.એસ.ચૌધરી તથા સંયુકત બાતમી આપનાર.પોકો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા બીજા સ્ટાફના માણસો મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ તથા પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩ તથા બીજા સાથેના માણસો

## આરોપીઓનો ફોટો



## (૨)

## પ્રતિબંધીત ચાઇનીઝ દોરી સાથે આરોપીને પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ સ્કોડ

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બહારથી ધાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારું મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉત્તરાયણ તહેવાર અનુસંધાને ચાઇનીઝ દોરીનું વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સુચના આપેલ જે માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સ.ઇ વી.ડી.ડોડીયા તથા અ.હે.કોન્સ. ઇદ્રીશખાન સામંતખાન બ.નં.-૯૭૨૫ તથા હે.કો લક્ષ્મણસિંહ ગોવિંદસિંહ બનં-૪૬૦૪ તથા અ.હે.કો અજીતસિહ પ્રભાતસિહ બ.નં-૪૧૨૮ તથા પો.કો ખેમરાજદાન ભીમસંગ બનં-૧૩૧૫૬ તથા પો.કો સુરેશભાઇ ગગુભાઇ બનં-૯૭૭૩ પો.કોન્સ. રણજીતસિંહ સુખદેવસિંહ બ.નં. ૮૯૨૧ તથા લોક રક્ષક મયુરધ્વજસિંહ ભગીરથસિંહ બ.નં. ૧૧૪૮ તથા લોક રક્ષક ઇરફાન કાસમભાઇ બ.નં. ૮૮૭૪ તથા લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બનં-૨૬૩ નાઓની ટીમ બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં સાથેના લોકરક્ષક કુલદિપસિંહ રાજેન્દ્રસિંહ બનં-૨૬૩ નાઓને ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ગામ મોઇનપાર્કની સામે અયાઝ નામની દુકાન પાછળ પોતાનાં મકાન આગળ જાહેરમાં ખુલ્લી જગ્યામાં આરોપી નામે અઝરુદ્દીન ઉર્ફે યુનુશ સ/ઓ ઉસ્માનભાઇ મલેક ઉ.વ.૩૦ ધંધો-વેપાર રહેવાસી- જાંબુનાં ડહેલા પાસેસરખેજ અમદાવાદ શહેર નાઓને ફુલ્લે ૧૧૦/-રીલ કે જેની કિં-૨૨૦૦૦/- ની મતાના મુદામાલ સાથે પકડી અટક કરી સરખેજ પો.સ્ટે ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૮૨૦૦૦૪૮ ધી ઇ.પી.કો કલમ- ૧૮૮ તથા જી.પી એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૩૧૧૩૧૧૭૧૩૧ મુજબ પ્રતીબંધીત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ સારી કામગીરી કરેલ છે.